# તલગાજરડાના ચિત્રકૂટધામમાં દિવંગત રામાયણીઓને તુલસી એવોર્ડ અર્પણ



તલગાજરડામાં ચિત્રકૂટધામમાં દિવંગત રામાયણીઓને તુલસી એવોર્ડ આપીને મોરારિબાપુ દ્વારા સન્માન કરાયું હતું. તસવીરમાં એવોર્ડ સ્વીકારતા દિવંગત રામાયણીઓના ઉત્તરાધિકારીઓ તેમજ અન્યો નજરે પડે છે. (લવજી પરમાર)

## દિવંગતોના ઉતરાધિકારીઓને મોરારિબાપુના હસ્તે તુલસી એવોર્ડ એનાયત

મહુવાઃ અહીંના તલગાજરડામાં ચિત્રકૂટધામ ખાતે હનુમાનજીની ગોદમાં ગૌસ્વામી તુલસીદાસજી વિરચીત રામચરિત માનસના વિશ્વમાં સ્વાંતઃ સુખાય સાધના અને સેવા કરનાર દિવંગત રામાયણીઓ કે જેમણે તા. ૨૮ના દિવસે રામકથા વડે મંગલ કાર્ય કર્યું છે એમને તુલસી જયંતીના દિવસે મોરારિબાપુના હસ્તે ''તુલશી એવોર્ડ'' અર્પણ કરાયા હતા. આવતા વર્ષથી તુલસી જયંતીએ પ્રતિવર્ષ રામકથા જગતના વર્તમાન ચાર મુર્ધન્ય મહાપુરુષોનું એવોર્ડ વડે સન્માન કરવામાં આવશે અને આ મંગલ ઉત્સવ પ્રતિ વર્ષ યોજાશે.

તલગાજરડાના ચિત્રકૂટ ધામમાં હનુમાનજીની છાયામાં અને મોરારિબાપુના હસ્તે લગભગ ૨૩ થી ૨૪ દિવંગત મહાપુરુષો ઉત્તરાધિકારીઓને ''તુલસી એવોર્ડ'' અર્પણ કરી વંદના સાથે સન્માનીત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગને અનુરૂપ મોરારિબાપુએ પ્રવચન આપી પોતાની હૃદયપૂર્વકની પ્રસન્નતા વ્યકત કરી હતી.